Hanuman Chalisa Path
"Divine Chants • Infinite Blessings"



# શ્રી હનુમાન ચાલીસા
# અર્થ સાથે



## દોહા

**શ્રી ગુરુ ચરણ સરોજ રજ નિજમન મુકુર સુધારિ,**
**વરણૌ રઘુવર વિમલયશ જો દાયક ફલચારિ.**

**અર્થ :** શ્રી ગુરુદેવના ચરણ રજથી મારૂ મન પવિત્ર કરી હવે હું  શ્રી ભગવાન રામના યશનું વર્ણન કરૂં છું. જે (ધર્મ, અર્થે કામ અને મોક્ષ) ચારે પ્રકારનાં ફળ આપનાર છે.

**બુદ્ધિહીન તનુજાનિકૈ સુમિરૌ પવન કુમાર,**
**બલ બુદ્ધિ વિધા દેહુ મોહિ હરહુ કલેશ વિકાર્.**

**અર્થ :** હું મારી જાતને બુદ્ધિહિન ગણીને શ્રી હનુમાનજી આપનું સ્મરણ કરુ છું. હે પ્રભુ આપ મને બુદ્ધિ, બળ તથા વિધા આપો અને મારા વિકારોનો નાશ કરો.

## ચૌપાઈ

**જય હનુમાન જ્ઞાન ગુણ સાગર ।**
**જય કપીશ તિહુ લોક ઉજાગર ॥ ૧ ॥**

**અર્થ :** જ્ઞાન અને ગુણોનાં સાગર શ્રી હનુમાનજી આપનો જય જયકાર હો ! ત્રણેય લોકમાં કીર્તિમાન મારૂતિ, આપનો જય હો !

**રામદૂત અતુલિત બલધામા ।**
**અંજનિ પુત્ર પવનસુત નામા ॥ ૨ ॥**

**અર્થ :** શ્રી રામજીના દૂત આપમાં અનંત શક્તિ છે આપનું અંજનિપુત્ર અને પવનપુત્ર નામજગ પ્રસિદ્ધ છે.

HanumanChalisaPath.CoM

**મહાવીર વિક્રમ બજરંગી ।**
**કુમતિ નિવાર સુમતિ કે સંગી ॥ ૩ ॥**

**અર્થ :** આપ મહાવીર તથા મહાપરાક્રમી છો. આપનું શરીર વજ્ર સમાન છે. આપ કુબુદ્ધિનો નાશ કરનારા છો, અને સુબુદ્ધિના સહાયક છો.

Downloaded From HanumanChalisaPath.CoM

**કંચન વરણ વિરાજ સુવેશા ।**
**કાનન કુંડલ કુંચિત કેશા ॥ ૪ ॥**

**અર્થ :** હે કપિ શ્રેષ્ઠ, આપના દેહનો વર્ણ કંચન જેવો છે. કાનમાં કુંડળ છે અને મસ્તક પર વાકડીયા વાળ છે. આપનું આ સ્વરૂપ અતિ સોહમણું છે.

HanumanChalisaPath.CoM

**હાથવજ્ર ઔ ધ્વજા વિરાજૈ ।**
**કાંથે મૂંજ જનેવૂ સાજૈ ॥ ૫ ॥**

**અર્થ :** આપના હાથમાં ગદા અને ધ્વજા છે ખભા પર જનોઇ શોભાયમાન છે.

**શંકર સુવન કેસરી નંદન ।**
**તેજ પ્રતાપ મહાજગ વંદન ॥ ૬ ॥**

**અર્થ :** કેસરીનંદન આપ શંકરના અવતાર છો, આપનું મહાપ્રતાપી અને તેજસ્વી સ્વરૂપ સમગ્ર વિશ્વમાં પૂજનીય છે.

Downloaded From HanumanChalisaPath.CoM

**વિદ્યાવાન ગુણી અતિ ચાતુર ।**
**રામ કાજ કરિવે કો આતુર ॥ ૭ ॥**

**અર્થ :** હે કપિ શ્રેષ્ઠ આપ વિદ્યાવાન ગુણવાન અને ચતુર છો, સદા રામ ભગવાનનું કાર્ય કરવા આતુર રહો છો,

**પ્રભુ ચરિત્ર સુનિવે કો રસિયા ।**
**રામલખન સીતા મન બસિયા ॥ ૮ ॥**

**અર્થ :** પ્રભુ રામજીનું ચરિત્ર સાંભળવામાં આપને ઘણી આસક્તિ છે. શ્રીરામ, શ્રી લક્ષ્મણ અને સીતામૈયા આપના હ્રદયમાં કાયમ નિવાસ કરે છે.

**સૂક્ષ્મ રૂપધરિ સિયહિ દિખાવા ।**
**વિકટ રૂપધરિ લંક જરાવા ॥ ૯ ॥**

**અર્થ :** સીતામૈયાને સુક્ષ્મરૂપ ધારણ કરી બતાવ્યું અને વિકરાળ રૂપ ધરી લંકાને બાળ હતી.

**ભીમ રૂપધરિ અસુર સંહારે ।**
**રામચંદ્ર કે કાજ સંવારે ॥ ૧૦ ॥**

**અર્થ :** મહાભંયકર રૂપ ધારણ કરી રાક્ષસોનો સંહાર કર્યો અને શ્રીરામજીના સર્વ કાર્ય સિદ્ધ કરવામાં સહયોગ આપ્યો હતો.

HanumanChalisaPath.CoM

**લાય સંજીવન લખન જિયાયે ।**
**શ્રી રઘુવીર હરષિ ઉરલાયે ॥ ૧૧ ॥**

**અર્થ :** સંજીવની બુટ્ટી લાવી શ્રી લક્ષ્મણજીને જીવત્દાન આપ્યું તેથી અતિ હર્ષિત થઇ પ્રેમથી શ્રીરામજીએ આપને છાતીએ લગાવ્યા હતા.

HanumanChalisaPath.CoM

**રઘુપતિ કીન્હી બહુત બડાઈ ।**
**તુમ મમ પ્રિય ભરતહિ સમ ભાઈ ॥ ૧૨ ॥**

**અર્થ :** ભગવાન શ્રીરામે આપની ઘણી પ્રશંસા કરીને કહ્યું કે, ભરત જેટલો જ તું મારો પ્રિય ભાઇ છે

**સહસ વદન તુમ્હરો યશગાવૈ ।**
**અસ કહિ શ્રીપતિ કંઠ લગાવૈ ॥ ૧૩ ॥**

**અર્થ :** સહસ્ત્ર મુખવાળા શેષનાગ આપના યશગાન ગાય છે એમ કહેતા પ્રેમથી ભગવાન શ્રીરામે આપને ગળે લગાડ્યા

**સનકાદિક બ્રહ્માદિ મુનીશા ।**
**નારદ શારદ સહિત અહીશા ॥ ૧૪ ॥**

**અર્થ :** સનકાદિક ઋષિ, બ્રહ્મા, નારદ, સરસ્વતી શેષનાગ આપની કીર્તિનું યોગ્ય વર્ણન કરી શકતા નથી.

**યમ કુબેર દિગપાલ જહાં તે ।**
**કવિ કોવિદ કહિ સકે કહાં તે ॥ ૧૫ ॥**

**અર્થ :** યમરાજ, કુબેર, દિગપાલ જેવાં દેવતા પણ આપનો મહિમા પૂર્ણરૂપે વર્ણન કરી શકતા નથી તો પૃથ્વી પરના કવિ અને વિદ્વાનો કઇ રીતે કહી શકે

**તુમ ઉપકાર સુગ્રીવહિ કીન્હા ।**
**રામ મિલાય રાજપદ દીન્હા ॥ ૧૬ ॥**

**અર્થ :** આપે સુગ્રીવજીને સહાય કરી ભગવાન શ્રીરામ સાથે તેમનો મેળાપ કરાવ્યો અને એમને રાજા બનાવ્યા

HanumanChalisaPath.CoM

**તુમ્હરો મંત્ર વિભીષણ માના ।**
**લંકેશ્વર ભયે સબ જગ જાના ॥ ૧૭ ॥**

**અર્થ :** આપનો મંત્ર વિભીષણે સ્વીકાર્યો અને તે લંકાનો રાજા થયો, આ વાત સમસ્ત વિશ્વ જાણે છે

Downloaded From HanumanChalisaPath.CoM

**યુગ સહસ્ર યોજન પર ભાનૂ ।**
**લીલ્યો તાહિ મધુર ફલ જાનૂ ॥ ૧૮ ॥**
**અર્થ :** ઘટાથી હજારો જોજન દૂર સૂર્યનું મધુર ફળ માનીને આપ ગળી ગયા હતા

**પ્રભુ મુદ્રિકા મેલિ મુખ માહી ।**
**જલધિ લાંઘિ ગયે અચરજ નાહી ॥ ૧૯ ॥**
**અર્થ :** શ્રીરામની વીંટી મોઢામાં રાખી આપ વિશાળ સમુદ્રને પાર કરી ગયા એમાં કાંઇ ખાસ આશ્ચર્ય નથી

HanumanChalisaPath.CoM

**દુર્ગમ કાજ જગત કે જેતે ।**
**સુગમ અનુગ્રહ તુમ્હરે તેતે ॥ ૨૦ ॥**
**અર્થ :** હે કેસરી નંદન સંસારમાં જે કઠિન કાર્ય છે તે આપની કૃપાથી સરળ બની જાય છે.

**રામ દુઆરે તુમ રખવારે ।**
**હોત ન આજ્ઞા બિનુ પૈસારે ॥ ૨૧ ॥**
**અર્થ :** આપ શ્રીરામના દ્વારપાળ છો, આપની આજ્ઞા વિના કોઇ અંદર પ્રવેશ કરી શકતો નથી.

**સબ સુખ લહૈ તુમ્હારી શરણા ।**
**તુમ રક્ષક કાહૂ કો ડર ના ॥ ૨૨ ॥**
**અર્થ :** આપની શરણ જે કોઇ આવે છે એ બધા આનંદ સુખ પ્રાપ્ત કરે છે. તમે અમારા રક્ષક છો તેથી અમને કોઇ જ ડર નથી

**આપન તેજ તુમ્હારો આપૈ ।**
**તીનોં લોક હાંક તે કાંપૈ ॥ ૨૩ ॥**
**અર્થ :** હે અંજની પુત્ર ! આપ જ આપનું તેજ સહન કરી શકો છો. આપના હુંકારથી ત્રણેય લોક કાંપવા લાગે છે.

HanumanChalisaPath.CoM

**ભૂત પિશાચ નિકટ નહિ આવૈ ।**
**મહવીર જબ નામ સુનાવૈ ॥ ૨૪ ॥**
**અર્થ :** ભક્તજન જ્યારે આપના નામનું રટન કરે છે, ત્યારે ભૂત – પ્રેત એમની પાસે આવતા નથી.

**નાસૈ રોગ હરૈ સબ પીરા ।**
**જપત નિરંતર હનુમત વીરા ॥ ૨૫ ॥**
**અર્થ :** હે કેશરી નંદન ! આપનું નામ સતત જપનારના બધા રોગો દૂર થઇ જાય છે અને તેની

Downloaded From HanumanChalisaPath.CoM

બધી પીડા દૂર થઇ જાય છે.

**સંકટ સે હનુમાન છુડાવૈ ।**
**મન ક્રમ વચન ધ્યાન જો લાવૈ ॥ ૨૬ ॥**

**અર્થ :** હે અંજની પુત્ર ! જે ભક્ત મન, વાણી અને કર્મથી આપનું એક ચિત્તે ધ્યાન કરે છે, એને આપ બધી વિપત્તિથી બચાવો છો.

HanumanChalisaPath.CoM

**સબ પર રામ તપસ્વી રાજા ।**
**તિનકે કાજ સકલ તુમ સાજા ॥ ૨૭ ॥**

**અર્થ :** સર્વોપરી રાજા શ્રીરામ એક શ્રેષ્ઠ તપસ્વી રાજા છે, તેમના કાર્ય સફળ કરવામાં આપે ઘણું યોગદાન આપ્યું છે.

Downloaded From HanumanChalisaPath.CoM

**ઔર મનોરથ જો કોયિ લાવૈ ।**
**તાસુ અમિત જીવન ફલ પાવૈ ॥ ૨૮ ॥**

**અર્થ :** હે કેશરી નંદન ! આપની સમક્ષ મનોરથ લઇને જે કોઇ વ્યક્તિ આવે છે તેના આ જીવનમાં બધા જ મનોરથ પૂર્ણ થાય છે.

**ચારો યુગ પરિતાપ તુમ્હારા ।**
**હૈ પરસિદ્ધ જગત ઉજિયારા ॥ ૨૯ ॥**

**અર્થ :** આપનો પ્રતાપ ચારે યુગમાં પ્રસિદ્ધ છે. વિશ્વમાં આપની કીર્તિ, યશ પ્રકાશમાન છે.

**સાધુ સંત કે તુમ રખવારે ।**
**અસુર નિકંદન રામ દુલારે ॥ ૩૦ ॥**

**અર્થ :** સાધુ, સંતના આપ રક્ષક છો, આપ રાક્ષસોના સંહાર કરનાર છો અને આપ શ્રીરામને અતિ પ્રિય છો

**અષ્ઠસિદ્ધિ નવ નિધિ કે દાતા ।**
**અસ વર દીન્હ જાનકી માતા ॥ ૩૧ ॥**

**અર્થ :** સીતામૈયાયે આપને વરદાન આપ્યું છે કે આપ અષ્ટસિધ્ધિ અને નવનિધિ ચાહો એને પ્રદાન કરી શકો.

HanumanChalisaPath.CoM

**રામ રસાયન તુમ્હારે પાસા ।**
**સાદ રહો રઘુપતિ કે દાસા ॥ ૩૨ ॥**

**અર્થ :** હે બજરંગબલી ! “શ્રીરામ” નામરૂપી રસાયણ આપની પાસે છે. આપ સદાય શ્રીરામની

સેવામાં તત્પર રહો છો.

**તુમ્હરે ભજન રામકો પાવૈ ।**
**જન્મ જન્મ કે દુખ બિસરાવૈ ॥ ૩૩ ॥**

**અર્થ :** આપનું ભજન કરનારને શ્રીરામનું દર્શન થાય છે. અને તેના જન્મ જન્માંતરના દુઃખો કાયમ માટે નષ્ટ થઇ જાય છે.

HanumanChalisaPath.CoM

**અંત કાલ રઘુવર પુરજાઈ ।**
**જહાં જન્મ હરિભક્ત કહાઈ ॥ ૩૪ ॥**

**અર્થ :** તે અંતકાળે સાકેત ધામમાં જાય છે. કદાચ મૃત્યુલોકમાં જન્મે તો તેને શ્રીહરિના ભક્ત તરીકે પ્રસિદ્ધિ મળે છે.

Downloaded From HanumanChalisaPath.CoM

**ઔર દેવતા ચિત્ત ન ધરયી ।**
**હનુમત સેયિ સર્વ સુખ કરયી ॥ ૩૫ ॥**

**અર્થ :** જે ભક્ત અન્ય દેવતાઓનું હૃદયમાં સ્થાન ન રાખી શ્રી હનુમાનજી સેવા કરે તો તે સર્વ સુખ સંપન્ન થાય છે.

**સંકટ કટૈ મિટૈ સબ પીરા ।**
**જો સુમિરૈ હનુમત બલ વીરા ॥ ૩૬ ॥**

**અર્થ :** અતિ બળવાન વીર બજરંગબલીનું જે સ્મરણ કરે છે તેના બધા સંકટો દૂર થાય છે.

**જૈ જૈ જૈ હનુમાન ગોસાઈ ।**
**કૃપા કરો ગુરુદેવ કી નાઈ ॥ ૩૭ ॥**

**અર્થ :** શ્રી હનુમાનજી આપનો જય જયકાર હો, આપ મારા પરમ કૃપાળુ ગુરૂદેવની જેમ કૃપા કરો.

**જો શત વાર પાઠ કર કોઈ ।**
**છૂટહિ બંદિ મહા સુખ હોઈ ॥ ૩૮ ॥**

**અર્થ :** જે કોઇ વ્યક્તિ હનુમાન ચાલીસા નો સો વખત પાઠ કરશે તે સર્વ બંધનમાંથી મુક્તિ પામશે અને પરમ સુખને પામશે.

HanumanChalisaPath.CoM

**જો યહ પડૈ હનુમાન ચાલીસા ।**
**હોય સિદ્ધિ સાખી ગૌરીશા ॥ ૩૯ ॥**

**અર્થ :** જે ભક્ત “હનુમાન ચાલીસા”નો નિત્ય પાઠ કરશે તેને ચોક્કસ સફળતા મળશે. આના સાક્ષાત્ ભગવાન શંકર સાક્ષી છે.

**તુલસીદાસ સદા હરિ ચેરા ।**
**કીજૈ નાથ હૃદય મહ ડેરા ॥ ૪૦ ॥**

**અર્થ :** સંતશ્રી તુલસીદાસજી કહે છે કે, “સદા સર્વદા હું શ્રી હનુમાનજીનો સેવક છું હે નાથ આપ મારા હૃદયમાં નિત્ય બિરાજો”

## દોહા

HanumanChalisaPath.CoM

**પવન તનય સંકટ હરણ મંગળ મૂરતિ રૂપ્,**
**રામ લખન સીતા સહિત હૃદય બસહુ સુરભૂપ્,**

**અર્થ :** હે પવન પુત્ર હનુમાનજી, સર્વ સંકટોનો નાશ કરનારા, આપ મંગલમૂર્તિ રૂપ છો. આપ શ્રીરામ, લક્ષ્મણ અને સીતા મૈયા સહિત અમારા હૃદયમાં નિત્ય બિરાજો.

**સિયાવર રામચંદ્રકી જય ,**
**પવનસુત હનુમાનકી જય**

HanumanChalisaPath.CoM

Downloaded From HanumanChalisaPath.CoM